વિભાગ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારી ચાલુ રાખવા/હોદ્દામાં ફેરફાર/નામાભિધાનમાં ફેરફાર બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક :TDD/MKM/e-file/25/2025/0346/KH Section

આદિજાતિ વિકાસ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:TDD/MIS/e-file/25/2025/1040/kh

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/MIS/e-file/25/2025/1040(part)/kh

(૩) નાણાં વિભાગના તા.૨૧/૦૭/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:તજર/૧૦૦૫/૧૦૦૫/૨૪૧-ઝ.

(૪) નાણાં વિભાગના તા.૧૧/૦૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:તજર/૧૦૦૫/૧૦૦૫/૨૪૧-ઝ.

(૫) હિતિની/ઈડીપી/ઉ.સ.સંજ્ઞા/પરિપત્ર/૩૨૬૯૬૪/૨૦૧૦/૩૫૦૦૭૬ તા.૧૬/૧૦/૨૦૧૦

(૬) કમિશ્નરશ્રી (આ.વિ) ની કચેરીના ક્રમાંક DOTD/0245/11/2024, તા.૨૭/૧૧/૨૦૨૪

**આમુખ:-**

વિભાગના સંદર્ભદર્શિત ઠરાવ (૧) અને (૨) થી આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓનું માળખાકિય પુન:ગઠન કરવામાં આવેલ છે. જે મુજબ એક જ જિલ્લાની અલગ-અલગ કચેરીઓને વહીવટી સરળતા અને સંકલનના હેતુ માટે જે તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીના નિયંત્રણ હેઠળ મુકવામાં આવેલ છે. જેથી વહીવટી પ્રક્રિયા/યોજનાકીય કામગીરીના અમલીકરણ, સુપરવિઝન, મોનીટરીંગ અને રીપોર્ટીંગની કામગીરી યોગ્ય રીતે થઈ શકે. જેમાં, આશ્રમશાળાઓ તથા આદર્શનિવાસી શાળાઓની યોજનાઓનું અમલીકરણ બાબતે પણ આનુષંગિક ફેરફાર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૧) ઠરાવના પારા (૩.૨)ના મુજબ નવા વહીવટી માળખાને ધ્યાને રાખી ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓની સત્તા બાબતે અલગથી સુચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્રિય વિચારણાના અંતે વિભાગ હસ્તકની કચેરીઓના માળખાકીય પુન:ગઠન બાદ અસરકારક અમલીકરણના હેતુથી વિભાગ હસ્તકની વિવિધ કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓની સત્તા અમલમાં છે અને જે યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે તેવા કુલ- ૩૧ ઉપાડ અને વહેંચણી અધિકારીઓની વિગતો **એનેક્ષર-૧** માં સામેલ રાખવામાં આવેલ છે. તેઓની સંબંધિત તિજોરી કચેરી/પગાર અને હિસાબની કચેરીમાં બિલ દાખલ કરવા અને નાણાં ઉપાડવાની સત્તા અમલમાં રહેશે.

૨) જયારે, **એનેક્ષર-૨** માં દર્શાવેલ કુલ- ૨૩ ઉપાડ અને વહેંચણી અધિકારીઓના રીપોર્ટીંગ/સુપરવિઝન/મોનિટરીંગ સત્તાધિકારીઓમાં ફેરફાર થવાથી તેઓની ઉપાડ અને વહેંચણી અધિકારીની સત્તાઓ અમલમાં રાખવાની રહેતી નથી. જેથી એનેક્ષર-૨ માં દર્શાવેલ ઉપાડ અને વહેંચણી અધિકારીની સત્તાઓ રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩) તેમજ, વિભાગ હસ્તકની કેટલીક કચેરીઓના ઉપાડ અને વહેચણીના હોદ્દામાં ફેરફાર/નામાભિધાનમાં ફેરફાર થવાના કારણે**એનેક્ષર-૩** માં દર્શાવેલ કુલ-૦૫ ના કિસ્સામાં, કોષ્ટકના કોલમ-૦૨ માં દર્શાવેલ ઉપાડ અને વહેચણી અધિકારીના બદલે કોલમ-૦૩ માં દર્શાવેલ ઉપાડ અને વહેંચણી અધિકારીને જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે .

૪) સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. /૦૫/૨૦૨૫ ની નોંધથી ઉપાડ અને વહેંચણી અધિકારીઓની સંખ્યા નિયંત્રિત કરવા અંગેના નાણા વિભાગના તા.૧૧/૦૨/૨૦૦૮ ના ઠરાવની જોગવાઈ મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે મુજબ સંદર્ભના ક્રમાંક (૫) માં દર્શાવેલ હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના તા.૧૬/૧૦/૨૦૧૦ ના પરિપત્રની સૂચના ધ્યાને રાખી કાર્યવાહી કરવાની રહેશે.

સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગનો પરામર્શ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Signature Not Verified
Signed by: Jackson Hegan
Section Officer
Date: 2025.06.02
17:52:19 +05:30

(જેકસન હેગન)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**બિડાણ :**

એનેક્ષર-૧, એનેક્ષર-૨, એનેક્ષર-૩

**નકલ રવાના :-**

- માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આર્થિક બાબતો, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી તમામ
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Jackson Hegan
Section Officer
Date: 2025.06.02
17:52:19 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign